અપીલ અરજી નં.૧૦૪ તા.૨૩–૭–૦૮

અરજદાર: શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ

સામાવાળા:આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

**હુકમ:–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૨૬ તા.૫–૬–૦૮ ની અરજીથી એસ.જે.એસ.આર.વાય યોજના હેઠળ યુસીડી ખાતા ધ્વારા તાલીમ કાર્યક્રમ માટે સને ૨૦૦૧ માં જુદી જુદી પરીષદ અને ધ્વાકુઆ જુથને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે તેમજ તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ યુટીલીટીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૦૪/૨૦૦૮–૦૯

શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૨૬ તા.૫–૬–૦૮ ની અરજીથી એસ.જે.એસ.આર.વાય યોજના હેઠળ યુસીડી ખાતા ધ્વારા તાલીમ કાર્યક્રમ માટે સને ૨૦૦૧ માં જુદી જુદી પરીષદ અને ધ્વાકુઆ જુથને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે તેમજ તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ યુટીલીટીની નકલ આપવા બાબતે નં.યુસીડી/૪૫૫ તા.૨૪–૬–૦૮ થી ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ માહિતી સામે આપેલ માહિતી અધુરી અને અસંતોષકારક હોઈ માંગેલ વિગતે પૂરી પાડવાની રજુઆત કરી એપેલેટ ઓફિસરને તા.૨૩–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૭ તા.૩૧–૭– ૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી પરંતુ અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ મળેલ છે.

અરજદારે અરજીમાં માંગેલી માહિતી પ્રોજેકટ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને ધ્વાકુઆ જુથની માહિતી પત્રક સાથે સમય મર્યાદામાં પૂરી પૂરી પાડવામાં આવેલ છે તે ધ્યાને લેતાં પાંચ ધ્વાકુઆ જુથને મંજુર કરેલ લોનની માહિતી અપાયેલ જણાય છે. જયારે અરજદારે તાલીમ કાર્યક્રમ માટે ફાળવેલ ગ્રાન્ટ અને યુટીલીટીની માહિતી માંગેલ છે જે પૂરી પડાયેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ ન હોઈ મુળ અરજી અનુસાર માહિતી અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે પૂરી પાડવા આસી.કમિશ્નર જાહેર માહિતી અધિકારી યુસીડીને જણાવવવામાં આવે છે.

અરજદારની પેનલ્ટી અને વળતર અંગેની અપીલમાંની રજુઆત બાબતે કાયદાની કલમ–૨૦ (૧) અને ૧૯–૮ (બી) હેઠળ સત્તા રાજય માહિતી આયોગને જ હોઈ તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/<br>
તારીખ : –૮ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**<br>
**અને એપેલેટ ઓફિસર**<br>
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,(યુસીડી)..... જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ,